ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# MSWR – 404

# લઘુશોધ નિબંધ માર્ગદર્શિકા

# એકમ: 1
# "સંશોધન"

❖ રૂપરેખા :

1.1 સમાજકાર્યમાં સંશોધન

1.2 સંશોધનના હેતુઓ

1.3 સંશોધન શૈક્ષણિક પ્રક્રિયાનો મહત્ત્વનો ભાગ

1.4 સંશોધનની વિભાવના

1.5 સંશોધનની લાક્ષણિકતા / વિશેષતાઓ

1.6 સંશોધનના પ્રકાર

1.7 સંશોધન શા માટે ?

1.8 સંશોધન (Research Praposal)ની વિભાવના

1.9 ડિઝર્ટેશન (Dissertation) અને સંશોધન (Research Praposal) વચ્ચે શું ફેર ?

1.10 ડિઝર્ટેશન અને સંશોધન વચ્ચેનો મુખ્ય તફાવત

1.11 સંશોધન માટેના વિષયો - ક્ષેત્રો પ્રમાણે વર્ગીકરણ

1.12 સંશોધનમાં પ્રકરણીકરણ

1.13 સંશોધનમાં અહેવાલ લેખન

1.14 સંશોધન તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્ત્વની બાબતો.

1.15 સંશોધન પ્રોજેક્ટ માટે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

1.16 સંદર્ભ ગ્રંથોની યાદી

1.17 પરિશિષ્ટ

- ➢ પરિશિષ્ટ - 01 ટાઈટલ પેજ માટેનો નમૂનો
- ➢ પરિશિષ્ટ - 02 બાંહેધરી પત્રક
- ➢ પરિશિષ્ટ - 03 પ્રમાણપત્ર
- ➢ પરિશિષ્ટ - 04 ગામ મુલાકાત સર્વે ફોર્મ
    - ➢ પરિશિષ્ટ - 4.1 ગણેશ મહોત્સવ સર્વે ફોર્મ
    - ➢ પરિશિષ્ટ - 4.2 વ્યસન જાગૃતિ અંગે સર્વે ફોર્મ
- ➢ પરિશિષ્ટ - 05 પરવાનગી માટેના પત્રનો નમૂનો

## 1.1 સમાજકાર્યમાં સંશોધન :

સમાજકાર્યના અભ્યાસક્રમમાં થીયરી જેટલુંજ પ્રેક્ટિસને મહત્ત્વ આપવામાં આવે છે. સમાજકાર્યના અભ્યાસમાં જુદા-જુદા સામાજિક વિજ્ઞાનોને વિગતે અભ્યાસ કરવામાં આવે છે. આ સંશોધન અંગેની જુદી જુદી સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ તેને પ્રેક્ટિસમાં મૂકે છે. પ્રેક્ટિસ થકી સંશોધક સંશોધનના વિવિધ મુદ્દાઓ અંગેની ઝીણવટભરી તપાસ કરે છે. વર્ગખંડમાં અભ્યાસ કરેલ વિવિધ બાબતોને સંશોધક સંશોધન થકી સમજવાનો પ્રયત્ન કરે છે.

જેમકે, શાલામાં ડ્રોપઆઉટ બાળકો, ઘણાં બાળકો અધવચ્ચેથી શાળાએ જવાનું છોડી દે છે. જેના પરિણામે બાળકો શિક્ષણ મેળવી શકતા નથી, જેના પરિણામે તેનો સર્વાંગી વિકાસ થતો નથી. આ પરિસ્થિતિ બાળકના ઘડતર માટે અવરોધક બને છે. ાવા સમયે સંશોધક બાળકની સમગ્ર પરિસ્થિતનને સંશોધનના માધ્યમથી સમજવા પ્રયત્ન કરે છે. ડ્રોપ આઉટ બાળકોના અભ્યાસની માફક સમાજકાર્યના વિવિધ ક્ષેત્રો માંથી વિદ્યાર્થી કાર્યકર પોતાને રસ પડે તેવા મુદ્દાઓ અંગે અભ્યાસ કરી સાચી અને યોગ્ય માહિતી મેળવી શકે છે.

આ સંશોધન વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે કઈ રીતે કરી શકાય ? તે અંગેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સંશોધન તૈયાર કરવા અંગેની પાયાની માહિતી આપવામાં આવેલ છે. આ જાણકારી વિદ્યાર્થીઓને સંશોધન તૈયાર કરવા ખૂબ ઉપયોગી બની રહેશે.

## 1.2 સંશોધન - શૈક્ષણિક પ્રક્રિયાનો મહત્ત્વનો ભાગ :

(1) સંશોધકને સંશોધન અંગેની પાયાની જાણકારી પ્રાપ્ત થશે.

(2) સંશોધક સંશોધન અંગેની સૈદ્ધાંતિક બાબતોને પ્રેક્ટિસમાં મૂકતાં શીખશે.

(3) વિદ્યાર્થી કાર્યકરો સંશોધન કામગીરી કરવા પ્રેરાશે.

(4) વિદ્યાર્થીઓ સમાજકાર્યના વિવિધ વિષયો પૈકી કોઈપણ એક મુદ્દાની પસંદગી કરી તેઓ સંશોધન કાર્ય હાથ ધરી શકશે.

(5) સંશોધન ક્ષેત્રે વિવિધ મુદ્દાઓ અંગેની જાણકારી પ્રાપ્ત કરવા સંશોધન ખૂબ ઉપયોગી બનશે.

(6) સંશોધન વિશેના જુદા જુદા સૈદ્ધાંતિક ખ્યાલો વધારે સ્પષ્ટ થશે.

(7) વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનની વ્યાવહારિક ઉપયોગિતા સમજતા થશે.

## 1.3 સંશોધન - શૈક્ષણિક પ્રક્રિયાનો મહત્ત્વનો ભાગ :

સમાજકાર્યના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો ભણાવવામાં આવે છે. આ વિષયોમાં સમાજકાર્ય સંશોધન એ ખૂબ મહત્ત્વનો વિષય છે. જેમાં વિદ્યાર્થીઓ સંશોધનની થીયરીને સમજીને જુદા જુદા સંશોધનો ઉપર કામ કરે છે. સંશોધન એ અભ્યાસક્રમનો જ એક મહત્ત્વનો ભાગ છે. શૈક્ષણિક દૃષ્ટિએ તેનું વિશેષ મહત્ત્વ છે. તે અંગેની કેટલીક નોંધપાત્ર બાબતો નીચે પ્રમાણે છે.

- દરેક વિદ્યાર્થીએ અભ્યાસક્રમના ભાગરૂપે "સંશોધન" અંગેની કામગીરી હાથ ધરવી ફરજિયાત છે.
- સંશોધન તૈયાર કરવા માટે દરેક વિદ્યાર્થીએ પોતાના અધ્યાપકના માર્ગદર્શન હેઠળ આ અભ્યાસ કરવાનો રહેશે.

- વિદ્યાર્થી કાર્યકરે સમાજકાર્યના વિવિધ ક્ષેત્રો / વિષયો પૈકી કોઈપણ એક મુદ્દાની પસંદગી કરી તેના ઉપર કામ કરવાનું રહેશે.
- સંશોધનની કામગીરીને ફિલ્ડવર્કની જેમ એક વિષયનો દરજ્જો આપવામાં આવેલ છે.
- સંશોધનએ અલગથી એક વિષય છે માટે બધા વિષયની જેમ આ વિષયનું પણ આંતરિક અને બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે.
- સંશોધનની કામગીરીના કુલ - 100 ગુણ રહેશે. જેમાં આંતરિક અને બાહ્ય પરિક્ષકો દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- ''સંશોધન''માં પાસ થવા માટે આંતરિક અને બાહ્ય બંને પ્રકારના મૂલ્યાંકન કે પરીક્ષામાં પાસ થવું જરૂરી છે.
- સંશોધનની કામગીરી માટે તમારાં માર્ગદર્શક આંતરિક મૂલ્યાંકન કરશે. જ્યારે, બાહ્ય મૂલ્યાંકનની કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા બાહ્ય પરિક્ષકોની નિમણૂંક કરવામાં આવશે.
- બાહ્ય પરિક્ષાના મૂલ્યાંકન માટે મુખ્યત્ત્વે નીચેના મુદ્દાઓના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. જેમાં.
  - સંશોધન માટે વિષય પસંદગી
  - અભ્યાસના હેતુઓ
  - સંશોધન પધ્ધતિ
  - અહેવાલ લેખન અને
  - રજૂઆતની શૈલીના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે.
- સંશોધન કરતાં પહેલાં દરેક વિદ્યાર્થી કાર્યકર મિત્રોને ઉપરોક્ત તમામ બાબતો વિશે પૂરતી જાણકારી હોવી જરૂરી છે.

## 1.4 સંશોધનની વિભાવના :

સંશોધન એટલે નવું શોધવું. સંશોધન એટલે નવીન જ્ઞાન મેળવવા માટેનો પધ્ધતિસરનો પ્રયાસ. સંશોધન માટે અંગ્રેજીમાં Research શબ્દ પ્રયોજાય છે. Re - એટલે ફરીથી અને Search એટલે શોધવું. ટૂંકમાં સંશોધન એટલે ફરી ફરીને શોધવાની પ્રક્રિયા.

### ❖ સંશોધનની જુદી જુદી વ્યાખ્યાઓ :

- વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃધ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન નવી હકીકતોની શોધ સ્વરૂપનું હોઈ શકે છે, જૂની હકિકતોની ચકાસણી સ્વરૂપનું હોઈ શકે છે, હકીકતો વચ્ચેના કાર્યકારણની સજૂતી આપવનારું પણ હોઈ શકે છે.
- રેડમેન અને થોરી કહે છે તેમ, નવું જ્ઞાન મેળવવાનો પધ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધનમાં પધ્ધતિસર શબ્દ વૈજ્ઞાનિક પધ્ધતિનું સૂચક છે.
- પ્રો.ગોપાલ સંશોધનનો ખ્યાલ વધું સ્પષ્ટ કરતાં કહે છે કે, વસ્તુલક્ષી અને

ચકાસણીજન્ય પધ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની હકીકતો વચ્ચેનો સબંધ શોધવા માટેની અને તેના આદારે સિદ્ધાંત કે નિયમો તારવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય.

- પોલિન યંગ સામાજિક સંશોધનની હેતુલક્ષી વ્યાખ્યા આપતાં નોંધે છે કે સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પધ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરિક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમબદ્ધતા, તેમની વચ્ચેના પારસ્પારિક સબંધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનનો વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતાં નવાં વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાનું ધ્યેય ધરાવે છે.
- જહોડા વગેરે લેખકો કહે છે તેમ, સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પધ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો શોધવાનો છે. સંશોધન હંમેશા અમુક પ્રકારના પ્રશ્નથી શરૂ થાય ચે. આવા પ્રશ્નો સામાન્ય જિજ્ઞાસાથી માંડીને અત્યંત જટિલ સ્વરૂપના હોઈ શકે છે.
- રેન્ડમ હાઉસ ડિક્શનરી : ''સંશોધન એ યોગ્ય પદ્ધતિથી કોઈ નિશ્ચિત સમસ્યાનો ઉકેલ શોધવા અથવા નવા તથ્યો, સિદ્ધાંતો અને જ્ઞાનના ક્ષેત્રો શોધવા માટે પ્રયત્ન કરે છે.''
- ''સંશોધન એ વ્યવસ્થિત અને વિજ્ઞાન સૂચક પ્રક્રિયા છે, જેનો હેતુ છે સમસ્યાના ઉકેલ માટે તથ્ય શોધવા.'' - કોફોર્ડ (crawford)
- ''સંશોધન એ તર્ક સંગત અને વ્યવસ્થિત રીતે સમસ્યાનું નિરાકરણ શોધવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.'' - કર્લીંગર (Kerlinger)
- ''સંશોધન એ એક પ્રક્રિયા છે, જેનાથી વ્યક્તિ તથ્ય શોધે છે અને કોઈ નિશ્ચિત સમસ્યાના ઉકેલ માટેનો રસ્તો શોધે છે.''- જહોન ડબલ્યું બેસ્ટ (John w. Best)
- ''સંશોધન એ નવી માહિતી મેળવવા અને પહેલેથી જાણીતી માહિતીને વધું સ્પષ્ટ કરવા માટેનો વ્યવસ્થિત પ્રયાસ છે.'' - ક્લીફોર્ડ વુડી (Clifford Woody)
- ''સંશોધન એ સમસ્યાઓ ઉકેલવા માટે નવી વિચારધારા અથવા પધ્ધતિઓ શોધવાનો માર્ગ છે.'' - પેરી એન્ડ ન્યુકોમ્બ (Parry & Newcomb)
- ''સંશોધન એ કોઈ વિષયનું વિશ્લેષણ કરવાનો સંયમિત પ્રયાસ છે, જેનાથી નવી જાણકારી મળે.'' - ઑકફોર્ડ ડિક્શનરી

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરતી તારવી શકાય છે કે કોઈપણ તથ્ય, જ્ઞાન અથવા ઉકેલ શોધવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરીને કરવામાં આવતો એક નિયમિત અને પધ્ધતિસરનો પ્રયત્ન છે.

ટૂંકમાં સંશોધન એટલે કોઈ ખાસ વિષય, પ્રશ્ન કે સમસ્યાનું ઉંડાણપૂર્વક અધ્યયન કરવું.

- નવી માહિતી મેળવવી અને તેને આધારે સચોટ તારણો સુધી પહોંચવું.

- સંશોધન એક પ્રક્રિયા છે જે નવા જ્ઞાનનું સર્જન કરે છે અથવા પહેલેથી અસ્તિત્ત્વમાં આવેલી માહિતીની વધારે સ્પષ્ટતા કરે છે.

## 1.5 સંશોધનની લાક્ષણિકતા / વિશેષતાઓ :

સંશોધનની મુખ્ય લાક્ષણિકતાઓ અથવા વિશેષતાઓ અલગ અલગ વ્યાખ્યાઓના આદારે નીચે મુજબ તારવી શકાય છે :

**(1)** **વ્યવસ્થિતતા :-** સંશોધન એક શિસ્તબધ્ધ પધ્ધતિ દ્વારા કરવામાં આવે છે. જેમાં ચોક્કસ ક્રમબદ્ધતા હોય છે. સંશોધન માટેના ક્રમિક પગથિયા છે. વૈજ્ઞાનિક રીતે સંશોધન હાથ ધરવા માટે ક્રમબદ્ધ પગલાં મુજબ ચાલવું પડે છે, તો જ પધ્ધતિસર રીતે આગળ વધી શકાય છે.

**(2)** **ઉદ્દેશ્યપૂર્ણતા :-** હેતુવગર સંશોધન કાર્ય કરી શકાતું નથી. દરેક સંશોધનના ચોક્કસ ઉદ્દેશ્યો હોય છે. તે કોઈ ચોક્કસ પ્રશ્ન ઉકેલવા અથવા માહિતીનો ઉપયોગ કરીને કોઈપણ પ્રશ્નનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉકેલ લાવી શકાય છે.

**(3)** **નવીન / વિશેષ જાણકારી :-** સંશોધનથી નવીન જાણકારી, વિચારધારા અથવા નવું જ્ઞાન મળે છે. કોઈપણ સંશોધન સમસ્યાના સંદર્ભમાં વિશેષ જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. આ માહિતીના આધારે સમસ્યા અંગેની વાસ્તવિક સ્થિતિ જાણી શકાય છે.

**(4)** **તથ્ય આધારિત માહિતી :-** તે ડેટા, પુરાવા અથવા વાસ્તવિક તથ્યો પર આધારિત હોય છે. આ માહિતી વધું વિશ્વસનીય હોય છે. જેના આધારે કોઈપણ સમસ્યાના નિવારણનું આયોજન થઈ શકે છે સમસ્યાના નિવારણ અંગેની વધારે વિશ્વસનીય માહિતીના આધારે નક્કર આયોજન અને પગલાં ભરી શકાય છે.

**(5)** **ફલિતાર્થ :-** તે નવી સમસ્યાઓ ઉકેલવામાં અથવા આધુનિક સમસ્યાઓને સુધારવામાં મદદરૂપ થાય છે સંશોધનના સારાંશને આધારે સમસ્યાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

આમ, ઉપરોક્ત લાક્ષણિકતા / વિશેષતાઓ દ્વારા સંશોધનને બરાબર સમજી શકાય છે.

## 1.6 સંશોધનના પ્રકાર :

સંશોધનના વિવિધ પ્રકાર છે જે પૈકી તેના મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે છે.

(1) મૂળભૂત સંશોધન - (Basic Research) :

આ નામ પ્રમાણે પાયાનું સંશોધન છે. ફક્ત જ્ઞાન વધારવા માટે અને નવા સિદ્ધાંતો શોધવા માટે કરવામાં આવે છે. આ સંશોધનને મૂળભૂત સંશોધન (Fundamental Research) કે સૈદ્ધાંતિક સંશોધન (Pure Research) પણ કહેવામાં આવે છે. આ પ્રકારના સંશોધન વૈજ્ઞાનિક જિજ્ઞાસાને સંતોષવા માટે અને નવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે ચે. સંશોધનનો હેતુ કોઈ ચોક્કસ સમસ્યાના ઉકેલ માટે નહિ પણ, વિજ્ઞાન અને જ્ઞાનના ક્ષેત્રમાં યોગદાન આપવાનો હોય છે.

(2) વ્યાવહારિક સંશોધન - (Applied Research):

વ્યાવસાયિક સમસ્યાઓ ઉકેલવા માટે કરવામાં આવે છે. દા.ત. ખેતીમાં જૈવિક ખાતરના ઉપયોગ પર અભ્યાસ. આ સંશોધનની મહત્ત્વની શાખા છે. જેનાતી વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ પ્રાયોગિક સમસ્યાના ઉકેલ શોધવા માટે થાય છે.

(3) વર્ણનાત્મક સંશોધન - (Descriptive Research) :

તથ્યોનું વર્ણન કરવા માટે દા.ત. રાજ્યની શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ. સામાન્ય રીતે વર્ણનાત્મક સંશોધન એ સંશોધન પધ્ધતિનો એક પ્રકાર છે. જેનાથી કોઈ વિષય, પરિબળો અથવા ઘટનાને વિગતવાર વર્ણવવામાં આવે છે. તે વ્યાપક માહિતીને એકત્રિત કરીને પરિસ્થિતિ, વલણો અને વર્તનના સ્વરૂપનું વિશ્લેષણ કરે છે. આ પ્રકારનું સંશોધન શા માટે ? શું છે ? પર વધું ધ્યાન કેન્દ્રિત કરે છે.

(4) પ્રાયોગિક સંશોધન - (Experimental Research):

કોઈ પરિબળોનો પ્રભાવ જાણવા માટે પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત. - કોઈ દવાની અસર પર ચકાસણી.

- દવાઓના પ્રભાવનું વિશ્લેષણ
- શિક્ષણ પધ્ધતિઓની અસરકારકતાનું પરિક્ષણ
- માર્કેટિંગમાં નવા પ્રોડક્ટની અસરનો અભ્યાસ

માનસિક તણાવ અને કામકાજની અસર પર અભ્યાસ થઈ શકે છે. ટૂંકમાં પ્રાયોગિક સંશોધન એ વૈજ્ઞાનિક પધ્ધતિનો એક પ્રકાર છે, જેનાથી કારણ અને પરિણામ વચ્ચેનો સબંધ શોધી શકાય છે.

## 1.7 સંશોધન શા માટે ? :

સંશોધન એ નવી જાણકારી મેળવવા, મુદ્દાઓનો ઉકેલ લાવવા અને મૌલિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. તે વ્યક્તિગત, સામાજિક અને વૈજ્ઞાનિક સ્તરે વિવિધ ઉપયોગીતા ધરાવે છે. સંશોધન શા માટે જરૂરી છે તે નીચેના મુદ્દાઓનો આધારે સમજી શકાય.

**(1) નવું જ્ઞાન અને વિશષ જાણકારી મેળવવા :** સંશોધનનનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે તે નવા તત્યો અથવા જ્ઞાન મેળવવામાં મદદ કરે છે. કોઈ અજ્ઞાત અથવા અસ્પષ્ટ મુદ્દાને સમજવા માટે સંશોધન ખૂબજ જરૂરી છે. જેમકે, વૈજ્ઞાનિક સંશોધન દ્વારા નવી ટેકનોલૉજી અને દવાઓ શોધવી.

**(2) સમસ્યાઓના ઉકેલ માટે :** સંશોધન તે સમસ્યાઓ ઉકેલવા માટેની માર્ગદર્શિકા પ્રદાન કરે છે. જેમ કે, પર્યાવરણીય પ્રદૂષણ, બેરોજગારી અથવા આરોગ્ય સબંધી સમસ્યાઓ. દા.ત. ખેતી ક્ષેત્રમાં નવીન ટેક્નોલૉજી દ્વારા ઉપજ વધારવી. જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરની વપરાશ ઘટાડી પ્રાકૃતિક ખેતી તરફ વળવું.

**(3) સુધારા અને નવીનતા લાવવા માટે :** સંશોધન દ્વારા અસ્તિત્ત્વમાં રહેલા સિદ્ધાંતો, ટેકનોલૉજી અને પધ્ધતિઓમાં સુધારો કે નવીનતા લાવી શકાય છે. દા.ત. પહેલા પગપાળા એક ગામથી બીજે ગામ જતા હતા. પછી સાયકલ, સ્કૂટર, મોટર, ટ્રેઈન અને વિમાનની શોધ થઈ. અને ક્રમશઃ ટેકનોલૉજીના ઉપયોગને કારણે આજે માઈલોના અંતરે ખૂબ ઓછા સમયમાં પહોંચી શકાય છે.

**(4) સંશોધન સબંધી જ્ઞાનને વધારે લોકભોગ્ય બનાવવા :** પહેલાથી અસ્તિત્ત્વમાં

રહેલી માહિતી અથવા સિદ્ધાંતોના સાચા કે ખોટા હોવા અંગે માન્યતા મેળવવા માટે સંશોધન જરૂરી છે. ઉદાહરણ તરીકે કોઈ દવાના પરિણામો ખરા છે કે નહિ તે ચકાસવા માટે પ્રયોગશાળામાં પ્રયોગો કરવામાં આવે છે.

**(5)** **વ્યાવસાયિક વિકાસ માટે :** સંશોધન કોઈપણ ક્ષેત્રમાં મોખરું રહેવા માટે અને નવી તકો શોધવા માટે મદદરૂપ થાય છે. જેમ કે, આજકાલ માર્કેટમાં ગ્રાહકોની શું માંગ છે તે જાણવા માટે માર્કેટ રિસર્ચ કરવું. ઘણી કંપનીઓ માર્કેટમાં ટકી રહેવા માટે પોતે માર્કેટ રિસર્ચ હાથ ધરે છે અને પોતાની પ્રોડક્ટ વિશે ગ્રાહકો પાસેથી માહિતી પ્રાપ્ત કરે છે અને પછી તેમાં સુધારા વધારા કરે છે.

**(6)** **સમાજ અને જીવનશૈલીમાં સુધારા માટે :** સંશોધન એ નવી વ્યવસ્થાઓ અને નીતિઓ રચવામાં સહાયક છે, જે જીવનશૈલી અને સમાજના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. દા.ત. શૈક્ષણિક નીતિઓમાં સુધારો કરવા માટે શૈક્ષણિક સંશોધન કરવામાં આવે છે.

- ઘરેલું હિંસા અધિનિયમ - 2005માં સુધારો કરવા માટે કાયદાનો ઉપયોગ કરેલ લોકોનો અભ્યાસ.

**(7)** **વૈજ્ઞાનિક અને ટેકનોલૉજીકલ વિકાસ માટે :** આધુનિક સમયમાં વિજ્ઞાન અ; ટેકનોલૉજીની વપરાશ વધી છે. માટે સમયની સાથે તાલ મિલાવવા માટે ટેકનોલૉજીની વપરાશ કરવી જરૂરી છે. દા.ત. પહેલા ગ્રામિણ વિસ્તારમાં પરંપરાગત ખેતી કરવામાં આવતી હતી પરંતુ ધીરે ધીરે કૃષિમાં જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરની વપરાશ કરી ધીરે-ધીરે ખેડૂતોએ કૃષિનું ઉત્પાદન વધાર્યું છે. જેના પરિણામે આજે ઓછી જમીનમાંથી ખેડૂતો વધારે ઉત્પાદન મેળવી ખેતીની ઉપજમાં વધારો કરી શક્યા છે. જેના પરિણામે અનાજનું ઉત્પાદન વધ્યું છે.

**(8)** **ભવિષ્ય માટે તૈયારી :** જરૂરિયાત સંશોધન માટે પ્રેરિત કરે છે માટે જરૂરિયાત એ શોધની જનની છે તેમ કહેવાય છે. સંશોધનના માધ્યમથી લોકો માટે જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

દા.ત. વર્તમાન સમયમાં વધતી જતી વસ્તી અને તેની જરૂરિયાત અંગે અભ્યાસો હાથ ધરવામાં આવે છે. જેના પરિણામે વધતી વસ્તીની જરૂરિયાત શું છે ? તે જાણી શકાય છે. અને તેના આધારે હાલ કેટલું ઉત્પાદન થાય છે અને લોકોની જરૂરિયાતને પહોંચી વળવા માટે કેટલું ઉત્પાદન કરવું પડશે તે અંગેનો અંદાજ મેળવી શકાય છે.

ટૂંકમાં સંશોધન શા માટે કરવું તે ઉપરોક્ત મુદ્દાઓને આધારે સમજી શકાય છે. પ્રવર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવવા, અને ભવિષ્ય માટે નવી તક અને વિકાસના રસ્તા બનાવવા માટે સંશોધન કરવું જરૂરી છે. સંશોધન વગર વાસ્તવિક સ્થિતિ જાણી શકાતી થી. આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય એમ તમામ સ્તરે વાસ્તવિક સ્થિતિનું ચિત્ર જાણવા માટે સંશોધન જરૂરી છે.

## 1.8 સંશોધન (Research Project) :

સંશોધન એટલે કોઈ નક્કી કરેલી સમસ્યા અથવા હેતુ માટે ઉકેલ કે નિર્માણના આયોજનનું સ્વરૂપ. આમાં કોઈ ખાસ હેતુને પહોંચી વળવા માટે તૈયાર કરેલા આયોજન, પગલાં અને સંસાધનોનો સમાવેશ થાય છે. સંશોધન તે સંશોધન પ્રક્રિયાનું શરૂઆતનું પ્રારંભિક આયોજન છે. જેમાં કોઈ વિશિષ્ટ સમસ્યા અથવા વિષયના સઘન અધ્યયન માટેના ઉદ્દેશો, પધ્ધતિઓ અને પગલાં નક્કી કરવામાં આવે છે.

- કોઈ બ્રીજ બનાવવો તે એક પ્રોજેક્ટ છે.
- ગામમાં પાણી પુરવઠા યોજના બનાવવી છે તે પણ એક પ્રોજેક્ટ છે.

પ્રોજેક્ટ પ્રકલ્પમાં સામન્ય રીતે નીચેના ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે.

(1) હેતું :- શું કરવાનું છે ? શા માટે કરવાનું છે ? તે સબંધી બાબતોનો સમાવેશ થાય છે.

(2) આયોજન :- તે કેવી રીતે કરવામાં આવશે ? નક્કર આયોજન કઈ રીતે કરવામાં તે અંગેની બાબતોનો સમાવેશ થાય છે.

(3) સંસાધનો :- સમય, નાણાં, માનવશક્તિ ની કેટલી જરૂર પડશે ? તે અંગેની વિચારણા.

(4) કાર્યપધ્ધતિ :- કોણ ? શું કરશે ? કેવી રીતે કરશે ? તેનો ઉલ્લેખ કરવો.

(5) પરિણામો :- પ્રોજેક્ટ પૂર્ણ થવાથી શું મેળવાશે ? કોઈપણ આયોજનના પ્રારંભિક અને સંપૂર્ણ આયોજન માટેની નક્કી કરવામાં આવેલી રીત.

❖ **સંશોધનના મુખ્ય તત્વો :-**

સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

**(1)** **વિષય પસંદગી :-** સંશોધનના વિષય અથવા સમસ્યાનું નિવારણ કરવું જરૂરી છે. સંશોધન કામગીરી માટે આ ખૂબજ પાયાની બાબત છે. વિષય પસંદગી વગર સંશોધન કાર્ય થઈ શકે નહીં.

**(2)** **હેતુ (objective) :-** સંશોધન શા માટે કરવું છે ? તેના મુખ્ય લક્ષ્યો શું છે ? તે જાણવા માટે.

**(3)** **સંદર્ભ (Background) :-** વિષય સબંધિત અગાઉના અધ્યયનનું સંક્ષિપ્ત વર્ણન.

**(4)** **સંશોધન પધ્ધતિ (Research Methodology) :-** માહિતી એકત્ર કરવી વિશ્લેષણ કરવું અને પરિણામ મેળવવાની પધ્ધતિઓ કઈ છે તે અંગેની જાણકારી મહત્ત્વની બની રહે છે. માહિતી મેળવવા માટે ટુલ્સ (સાધન) અગત્યનું છે. તમે ક્યા સાધનની પસંદગી કરશો. તે મહત્ત્વની બાબત છે.

**(5)** **ઉપયોગિતા (Relevance) :-** સંશોધનથી શું પ્રાપ્ત થશે ? તેનો પ્રયોગ ક્યાં થઈ શકે ? સંશોધનની ઉપયોગિતા એ સંશોધનની મહત્ત્વપૂર્ણ બાબત છે. કોઈપણ સમસ્યા કે મુદ્દા અંગેની પ્રાથમિક જાણકારી માટે સંશોધનકાર્ય ઉપયોગી બની શકે છે.

(6) **સમયગાળો અને સંસાધનો (Timeline and Outcome) :-** સંશોધનની કામગીરી નિર્ધારીત સમય માટે પૂર્ણ થાય તે જરૂરી છે. એટલે આયોજન સાથે સંશોધનની કામગીરી થાય તે જરૂરી છે. એટલે સંશોધન માટે

(7) **પરિણામની અપેક્ષા (Expected Outcome) :-** સંશોધનના ફળ સ્વરૂપ મળનારા પરિણામો એ સંશોધનનું હાર્દ છે.

દાખલા તરીકે :

(1) વિષય : પર્યાવરણ સુરક્ષા અંગેના કાયદાની અસરકારકતા એક અભ્યાસ

(2) હેતુ : પર્યાવરણ સંરક્ષણ માટે કાયદો કઈ રીતે ઉપયોગી બની શકે છે તે સંદર્ભે કાયદાની અસરકારકતા ચકાસવી.

(3) પધ્ધતિ : પ્રદૂષિત વિસ્તારના લોકો (અસરગ્રસ્તો) સાથે મુલાકાત અને પ્રદૂષણની જુદી જુદી અસરોનું પરિક્ષણ.

ટૂંકમાં સંશોધન એ એક દસ્તાવેજ છે. જે સંશોધકને માર્ગદર્શને આપે છે અને તે પ્રોજેક્ટ માટેની મુખ્ય આધારશીલા છે તેમ કહી શકાય.

## 1.9 ડિઝર્ટેશન (Dissertation) અને સંશોધન (Research Praposal) વચ્ચે શું ફેર ?

➢ લઘુ શોધ નિબંધ અને સંશોધન બંને અલગ અલગ તબક્કાઓ છે.

➢ જે સંશોધન પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવે છે. આ બંને વચ્ચે શું ફર્ક / તફાવત છે તે અંગેની ક્રમશઃ ચર્ચા નીચે મુજબ છે.

**(1) ડિઝર્ટેશન (Dissertation) શું છે ? :-**

(1) હેતું :- શું કર

➢ અર્થ : ડિઝર્ટેશન એ સંપૂર્ણ દસ્તાવેજ છે. જે સંશોધનકારના સંશોધનકાર્યને વિગતવાર રજૂ કરે છે.

➢ ઉદ્દેશ્ય : સંશોધનના આખરી પરિણામ અને તેના નક્કી કરેલા તારણો રજૂ કરવા માટે.

➢ તબક્કો : સંશોધનના આખરી તબક્કામાં લખવામાં આવે છે.

➢ સામગ્રી : જેમાં મુખ્ય નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- પ્રસ્તાવના
- સંશોધન પધ્ધતિ (Methodology)
- ડેટા વિશ્લેષણ
- તારણ અને અભિપ્રાય
- ભવિષ્યના અભ્યાસ માટેના સૂચનો

➢ લંબાઈ : સામાન્ય રીતે લાંબો દસ્તાવેજ (100 થી 300 પાના સુધીના દળદાર સંશોધન અહેવાલ)

➢ ધ્યેય : તેના પરિણામો સંશોધનકાર્યની સંપૂર્ણતા પર છે.

**(2) રિસર્ચ પ્રપોઝલ (Research Proposal) :-**

- અર્થ : રિસર્ચ પ્રપોઝલ એ સંશોધન શરૂ કરવાની આયોજન પ્રક્રિયાનો દસ્તાવેજ છે. જે સંશોધન માટેના હેતુઓ, પધ્ધતિઓ અને ઉપયોગિતા વિશેની માહિતી આપે છે.
- ઉદ્દેશ્ય : સંશોધન માટે મંજુરી મેળવવી અને નાણાં કે સંસાધનો માટેનું સમર્થન મેળવવામાં આવે છે.
- તબક્કો : સંશોધન શરૂ કરતાં પહેલા તૈયાર કરવામાં આવે છે. અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ આ શરૂઆતનો તબક્કો છે.
- સામગ્રી :
  - સંશોધન વિષય અને પૃષ્ઠભૂમિ
  - ઉદ્દેશ અને ઉપકલ્પના
  - સંશોધન પધ્ધતિઓ
  - સમયગાળો અને નાણાંકીય આયોજન
  - સંશોધન અંગે પ્રારંભિક માર્ગદર્શન
- લંબાઈ : સામાન્ય રીતે ટૂંકું 0.5 થી 50 પાનાં
- ધ્યેય : ભવિષ્યના સંશોધન માટે શું કરવામાં આવશે તે અંગે પરિચય કરાવવામાં આવે છે.

## 1.10 ડિઝર્ટેશન અને સંશોધન વચ્ચેના મુખ્ય તફાવત :

| વિશેષતા | ડિઝર્ટેશન | રિસર્ચ પ્રપોઝલ |
|---|---|---|
| ઉદ્દેશ્ય | સંશોધનના પરિણામ રજૂ કરે છે. | સંશોધન માટે મંજુરી અથવા સમર્થન મેળવે છે. |
| લંબાઈ | લાંબુ અને આ સંશોધનનો સંપૂર્ણ દસ્તાવેજ છે. | ટૂંકુ હોય છે (યોજનાત્મક દસ્તાવેજ) |
| અવસ્થા | સંશોધનના અંતે લખવામાં આવે છે. | સંશોધન શરૂ કરતાં પહેલાં લખવામાં આવે છે. |
| ફોકસ | પરિણામ અને વિશ્લેષણ | યોજના અને ઉદ્દેશ પર ફોકસ કરવામાં આવે છે. |

❖ **અન્ય તફાવત :-**


- સંશોધન અંગેની સામાન્ય સમજ મેળવવા સંશોધન ઉપયોગી બની શકે છે, જ્યારે કોઈપણ મુદ્દે ઊંડાણપૂર્વકની સમજ મેળવવા ડેઝર્ટેશન ઉપયોગી બની શકે છે.

- સામાન્ય રીતે સ્નાતક કક્ષાએ સંશોધન બનાવાય છે, જ્યારે, અનુસ્નાતક કક્ષાએ લઘુશોધ નિબંધ અભ્યાસક્રમનો ભાગ બને છે.
- સંશોધન થકી વિદ્યાર્થીઓ સંશોધન પ્રક્રિયા અંગેની સમજ અને અહેવાલ લેખન કરવાનું શીખે તે મુખ્ય હેતું છે.
- જ્યારે લઘુ શોધ નિબંધ થકી વિદ્યાર્થીઓ સંશોધન પ્રક્રિયા અને અહેવાલલેખનની સાથે સંશોધનની સમગ્રલક્ષી બાબતોને વિસ્તૃત અભ્યાસ કરે છે. જેમાં સંશોધન માટે ટુલ્સ બનાવવું, નમૂના પસંદગી, કોઠા અને તેનું વિશ્લેષણ, તારણો, સૂચનો અને અંતમાં સમસ્યાના ઉકેલ માટે સંશોધક ક્રિયાત્મક પગલાં (Action Plan) તૈયાર.
- સંશોધન 50-70 પાનાથી વધુ મોટો ન હોવો જોઈએ. જ્યારે લઘુશોધ નિબંધ 100 થી લઈ 300 પાના સુધીનો હોય છે.
- સંશોધનની કામગીરીમાં નિષ્કર્ષ ન નીકળે પરંતુ તેમાં મળેલ માહિતીનો સારાંશ (સાર) હોય છે. જ્યારે સંશોધન કામગીરીના અંતે તારણો અને નિષ્કર્ષ કાઢી શકાય છે.
- સંશોધન સબંધી જે તે મુદ્દાની સામાન્ય સમજ મળી શકે છે. જ્યારે, લઘુશોધ નિબંધના ફલિતાર્થો એ વાચન / સમુદાયને ઉપયોગી બની શકે છે.

## 1.11 સંશોધન માટેના વિષયો ક્ષેત્રો પ્રમાણે વર્ગીકરણ :

સંશોધન માટે વિષય પસંદગી મહત્ત્વની બાબત છે. સંશોધન ક્ષેત્ર અંગે સંશોધકે સૌપ્રથમ વિચારણા કરીને ચોક્સાઈપૂર્વક પસંદગી કરી લેવી એ વૈજ્ઞાનિક સંશોધનનું પ્રથમ સોપાન કે પગથિયું છે. પી.વી. યંગ વિષય પસંદગીની પ્રક્રિયાને વૈજ્ઞાનિક સંશોધન અંગેની પ્રાથમિક જરૂરિયાત તરીકે ઓળખાવે છે, કારણ કે તેના વગર કોઈપણ સંશોધનકાર્યની શરૂઆત થઈ શકે નહિં. સંશોધન માટે વિષયની પસંદગી કરતી વખતે વિષયના ક્ષેત્રને સમજવાની પોતાની શક્તિને સંશોધકે ધ્યાને લઈને વિષયની પસંદગી કરવી જોઈએ.

સંશોધનના જુદા જુદા ક્ષેત્રો છે. સામાન્ય રીતે જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે અને જ્યાં સમસ્યા છે ત્યાં સામાજિક કાર્યકર છે. સંશોધક છે એટલે તે દષ્ટિએ સંશોધનના જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને ક્યા વિષયો ઉપર સંશોધનકાર્ય થઈ શકે તે માટે સમાજકાર્યના જુદા જુદા ક્ષેત્રો પ્રમાણે અહીં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.



સમાજકાર્ય વ્યક્તિની જુદી જુદી સમસ્યાઓ ઉપર કામ કરે છે. વ્યક્તિનીવિવિધ સમસ્યાઓને વૈજ્ઞાનિક દષ્ટિએ સમજવા માટે સંશોધન જરૂરી છે. સંશોધન વગર સમસ્યા અંગેની વિસ્તૃત જાણકારી મેળવવી શક્ય નથી. સંશોધન અંગેની પાયાની કામગીરી હાથ ધરવા માટે વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કરવું જરૂરી છે. પ્રત્યેક ક્ષેત્ર અંગેની વિસ્તૃત ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) ગ્રામિણ સમુદાય :-**

- ગ્રામિણ સમુદાયમાં બી.પી.એલ કુટુંબોનો અભ્યાસ
- ગ્રામ તપાસ એક સર્વેક્ષણ
- થલતેજ ગામની આર્થિક સ્થિતિ
- ગામના ખેતમજૂરોનો અભ્યાસ
- દૂધમંડળી દ્વારા ગ્રામવિકાસ
- દૂધમંડળી દ્વારા બહેનોનું આર્થિક સશક્તિકરણ
- જ્ઞાતિપંચોની કામગીરી અને તેની અસર
- જૂથ સેવા સહકારી મંડળીનો અભ્યાસ
- વાલવાડે ગામની દૂધસહકારી મંડળીના 10 લાભાર્થીઓનો અભ્યાસ
- ભાદરણીયા ગામના ખેડૂતોની ખેતીમાં નવીનીકરણ
- નાના ખેડૂતોનો અભ્યાસ
- જૈવિક ખેતીના ફાયદા અને પડકારો
- ખેતમજૂરોનું જીવન સ્તર સુધારવા માટેના પ્રયાસો
- ક્લાયમેન્ટ એન્જની કૃષિ પર અસર
- ખેડૂત આજીવિકા માટે પી.એમ. કિસાન યોજના
- પાણી બચાવવા માટેની આધુનિક પધ્ધતિઓ
- ગાંધી વિચાર આધારિત ગ્રામવિકાસ
- ખેડૂતોના આર્થિક વિકાસ માટેના માર્ગો
- સ્ટાર્ટઅપ સંસ્કૃતિ અને તેનું ભારતમાં મહત્ત્વ
- કૃત્રિમ બુદ્ધિનો વ્યવસાયમાં ઉપયોગ
- નાના અને મધ્યમ ઉદ્યોગો થકી ગ્રામ વિકાસ
- ટુરિઝમની સ્થાનિક અર્થતંત્ર પર અસર
- ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ઘટતી જતી સ્થિતિનું વિશ્લેષણ
- ગામડાઓમાં શિક્ષણની સ્થિતિનું વિશ્લેષણ
- બેરોજગારીના મુખ્ય કારણો અને તેના ઉકેલો
- ડિજીટલ મિડિયા અને યુવાવર્ગની આદતો પર તેનો પ્રભાવ.

- ગ્રામવિકાસ માટે ઉપયોગી (કોઈપણ બે યોજનાનો અભ્યાસ)
- ગ્રામવિકાસમાં યુવાનોની ભૂમિકા

**(2) શહેરી સમુદાય :-**

- અમદાવાદ શહેરના યુવા સંગઠનોની કામગીરી
- જમાલપુર - રાયખડ વોર્ડના અનુસૂચિત જાતિના યુવાનોના પ્રશ્નો
- મજુર મહાજન સંઘ, અમદાવાદની મજૂર સબંધી કામગીરી
- કામદાર કલ્યાણમાં મજૂર મહાજન સંઘનો ફાળો
- મહાનગરપાલિકાના સફાઈ કામદારોની વ્યવસાયિક સ્થિતિ
- અમદાવાદ રેલ્વે સ્ટેશન યાર્ડના કુલીઓની જીવનની સ્થિતિ
- વિકાસગૃહ અમદાવાદમાં આવતી બહેનોનો અભ્યાસ
- શહેરી સ્લમ્સ વિસ્તારની કિશોરીઓના પ્રશ્નો
- અમદાવાદ શહેરમાં આત્મહત્યાની કોશીશ કરનાર પાંચ યુવાનોનો અભ્યાસ
- શહેરી સમુદાયમાં આરોગ્ય સબંધી સમજ
- સ્માર્ટ શહેરોના વિકાસ માટે ટેકનોલૉજી
- કચરા વ્યવસ્થાપનની નાની જરૂરિયાત
- શહેરી વિસ્તારમાં પ્રદૂષણની અસર
- શહેરી સમુદાયમાં સ્વચ્છ ભારત અભિયાનની અસર

**(3) આદિવાસી સમુદાય સબંધી કેટલાક પ્રકલ્પો :-**

- આદિવાસી સ્ત્રીઓના કુટુંબ નિયોજન પ્રત્યેના વલણો
- આદિવાસી સમુદાયમાં પુનર્લગ્નની કુટુંબ જીવન પર અસર
- શિક્ષિત આદિવાસી કિસાનોનો અભ્યાસ
- હળપતિ સેવા સંઘની લોકોપયોગી પ્રવૃત્તિઓ
- કોટવાડિયા જ્ઞાતિની વ્યાવસાયિક સ્થિતિનો અભ્યાસ
- સ્થળાંતરિત આદિવાસી સમુદાયનો અભ્યાસ
- આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ એક અભ્યાસ
- આદિવાસી સમુદાયમાં ઝઘડા નિવારણ
- આદિવાસી સમુદાયની આર્થિક અને સામાજિક તપાસ
- આદિવાસી સમુદાય અને ગ્રામસભાના અધિકારો
- આદિવાસી સમુદાયની સભ્યતા અને સંસ્કૃતિ
- વનબંધુ યોજનાની આદિવાસી સમુદાય પર અસર
- આદિવાસી સમુદાયમાં સ્થળાંતર એક વિટક સમસ્યા

**(4) આરોગ્ય સબંધી પ્રકલ્પો :-**

- HIV/AIDS અંગે યુવાનોની સમજ
- સગર્ભા બહેનોની આરોગ્યલક્ષી સ્થિતિનો અભ્યાસ
- કોરોના પછીની આરોગ્ય સ્થિતિ એક અભ્યાસ
- દેહવેપાર કરતી એઈડ્સગ્રસ્ત સ્ત્રીઓની સ્થિતિ
- રોગપ્રતિકારક શક્તિ વધારવાના કુદરતી ઉપાયો
- ક્ષયરોગના દર્દીની આર્થિક સામાજિક સમસ્યાનો અભ્યાસ
- કેન્સરના દર્દીઓની સામાજિક-માનસિક અને આર્થિક સ્થિતિ
- પ્રાથમિક આરોગ્યકેન્દ્રની વિવિધ કામગીરી
- માનસિક બિમારી અંગે દર્દીઓના સગાઓના વલણો
- રક્તપિત અંગે સમુદાયની માન્યતા અને વલણો

**(5) શિક્ષણ સબંધી પ્રકલ્પો :-**

- પ્રાથમિક શિક્ષણ છોડી દેતા બાળકોના પ્રશ્નો
- ગ્રામિણ વિસ્તારમાં ધો.9માં ભણતી કિશોરીઓનો અભ્યાસ
- પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં આવતા અવરોધક પરિબળો
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના જીવનની સ્થિતિ
- મોબાઈ એપ્સ દ્વારા શૈક્ષણિક સુધારાની સંભાવનાઓ
- ઈ-લર્નિંગ અને પરંપરાગત શિક્ષણ પધ્ધતિની તુલના
- વિદ્યાર્થીઓ પર પરીક્ષા સબંધી તાવની અસર
- અંગ્રેજી ભાષા શિક્ષણમાં નવો અભિગમ
- શિક્ષણમાં પ્રજ્ઞા પ્રોજેક્ટની અસર
- ડ્રોપઆઉટ બાળકો અને તેના વાલીઓ
- અધવચ્ચે શાળા ચોડી દેતા બાળકો અને તેના કુટુંબોનો અભ્યાસ
- પ્રવૃત્તિલક્ષી શિક્ષણની વિવિધ અસરો
- ગણિત અને વિજ્ઞાન વિષય સંદર્ભે ગ્રામ્ય વિસ્તારના બાળકોના વિચાર
- ભાર વગરનું ભણતર કઈ રીતે ?
- ભાર વગરનું ભણતર શા માટે ?

**(6) વ્યસન સબંધી પ્રકલ્પો :-**

- દારૂનું વ્યસન અને તેની આર્થિક-સામાજિક અસરો (પાંચ કુટુંબોનો અભ્યાસ)
- પતિના વ્યસનના લીધે વિધવા બનેલ સ્ત્રીઓનો અભ્યાસ
- મધ્યપાનની સમસ્યા પાછળના જવાબદાર કારણો

- મદ્યપાનની વ્યક્તિ અને કુટુંબજીવન પર અસર
- આદિવાસી સમુદાયમાં વ્યસનો અને તેની કુટુંબજીવન પર અસર
- વ્યસન મુક્તિ કેન્દ્રોની કામગીરી એક અધ્યયન
- વ્યસન મુક્તિ માટેના પ્રયોગોની અસરકારકતા
- બાળકોમાં જોવા મળતા વિવિધ વ્યસનો
- વ્યસનો અને યુવાનો
- વ્યસનોની કુટુંબ અને સમાજજીવન પર અસર
- વ્યસન મુક્ત થયેલ યુવાનોના વ્યસનમુક્તિ અંગેના વિચારો
- વ્યસનમુક્તિ અંગે સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા
- સ્વામીનારાયણ સંપ્રદાયની વ્યસનમુક્તિ અંગેની કામગીરી

**(7) બાળકો :-**

- બાળકોની વર્તન સબંધી સમસ્યા અને તેના કારણો
- આંગણવાડીના બાળકોમાં કુપોષણની સમસ્યા અને તેનું નિવારણ
- બાળસંરક્ષણ ગૃહની કામગીરીનો અભ્યાસ
- માતાઓના બાળ ઉછેર અંગેના વિચારો
- બાળસંરક્ષણ ગ્રહનો અભ્યાસ
- બાળમાર્ગદર્શન કેન્દ્રનો અભ્યાસ
- બહેરા-મૂંગા બાળકોના માતા-પિતાને મૂંઝવતા પ્રશ્નો
- બાળકોની ગુનાહિત પ્રવૃત્તિઓ પાછળના કારણો
- રિમાન્ડ હોમમાંથી છુટેલા બાળકોના વ્યવહારની સમસ્યાઓ
- ગુનાખોરી કરતા બાળકોની મનોસ્થિતિ
- બાળલગ્ન થયેલા યુગલોનું દામ્પત્યજીવન
- 08 થી 10 વર્ષના બાળકોની વર્તન સબંધી સમસ્યાઓ
- બાળકોના શિક્ષણ ઉપર મોબાઈલની અસર
- ઘરેલું હિંસાની બાળકો ઉપર અસર
- સ્થળાંતરિત પરિવારોના બાળકોની શૈક્ષણિક સ્થિતિ
- બાળકોમાં કુપોષણ
- કુપોષણની અટકાયતમાં આંગણવાડીની ભૂમિકા
- આધુનિક શિક્ષણ અને બાળકો
- સ્લમ્સ વિસ્તારના બાળકોની મનોસ્થિતિ
- શેરી પર રહેનાર અને બાળકોની સમાજકાર્યના દ્દષ્ટિકોણથી અભ્યાસ

**(8) અનુસૂચિત જાતિ :-**

- ગ્રામિણ સમુદાયમાં અસ્પૃશ્યતાની સ્થિતિ
- અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સામાજિક તપાસ
- અનુસૂચિત જાતિ પરિણીત બહેનોના કુટુંબ જીવનનો અભ્યાસ
- સફાઈ કામમાં જોડાયેલ વાલ્મિકી સમુદાયની સ્ત્રીઓની સ્થિતિ
- અસ્પૃશ્યતા નિવારણ અધિનિયમ-2ની અસર
- ગ્રામિણ સમુદાયમાં અસ્પૃશ્યતા સબંધિત પરિસ્થિતિનો અભ્યાસ
- સફાઈકર્મીઓની આર્થિક અને સામાજિક સ્થિતિ
- ગ્રામિણ સમુદાયમાં અસ્પૃશ્યતા સબંધિત પરિસ્થિતિ
- રોહિત જ્ઞાતિ-સમાજની લગ્ન વ્યવસ્થા

**(9) વૃદ્ધાવસ્થા સબંધી પ્રકલ્પો :-**

- વૃદ્ધાવસ્થાની વિવિધ સમસ્યાઓ
- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોનું જીવન અને સમસ્યાઓ
- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોના વૃદ્ધાશ્રમમાં આવવાના કારણો એક અભ્યાસ
- વૃદ્ધોની મનોસ્થિતિ એક અભ્યાસ
- વૃદ્ધોની દિનચર્યા એક અભ્યાસ
- આદિવાસી વૃદ્ધોની જુદી જુદી સમસ્યાઓ
- વૃદ્ધ મહિલાઓના પ્રશ્નો
- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોનું જીવન અને સમસ્યાઓ
- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની મનોસ્થિતિ
- વૃદ્ધાવસ્થામાં જોવા મળતા માનસિક રોગો
- વૃદ્ધાશ્રમની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ
- વૃદ્ધાશ્રમમાં રહેતા પાંચ વૃદ્ધજનોનો અભ્યાસ
- વૃદ્ધોને લગતી વિવિધ યોજનાઓનો અભ્યાસ
- વૃદ્ધ પેન્શન યોજના એક અભ્યાસ
- વૃદ્ધોની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ
- વૃદ્ધાવસ્થા અંગે યુવાનોની સમજ
- વૃદ્ધાવસ્થામાં આરોગ્યની કાળજી

**(10) ગ્રામપંચાયત સબંધી પ્રકલ્પો :-**

- ગ્રામ પંચાયતમાં કાર્યરત વિવિધ સમિતિઓની કામગીરી અને અસર
- ગ્રામ સભાની વિવિધ કામગીરી અને તેની અસર

- ગ્રામ પંચાયતની કામગીરીનો અભ્યાસ
- પાણી સમિતિની રચના અને કામગીરી
- સામાજિક ન્યાય સમિતિની કામગીરી અને અસર
- ગામમાં ચાલતી વિવિધ યોજનાઓ પૈકી કોઈપણ બે યોજનાનો અભ્યાસ
- ગરીબી રેખા હેઠળ આવતા 10 પરિવારોની આર્થિક સ્થિતિ
- ગ્રામ પંચાયતના સભ્યોની કામગીરીનું મૂલ્યાંકન
- ગ્રામિણ સમુદાયમાં તીવ્ર કુપોષિત બાળકો
- ગ્રામિણ બી.પી.એલ લાભાર્થીઓનો અભ્યાસ
- આદર્શ ગ્રામ પંચાયત સ્થિતિ અને કાર્યપ્રક્રિયા
- દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોની આર્થિક સ્થિતિ
- ગ્રામિણ સમુદાયમાં આરોગ્ય પ્રત્યેની સમજ
- શાળાકીય આપત્તિ વ્યવસ્થાપન એક અભ્યાસ

**(11) પર્યાવરણ અંગેના પ્રકલ્પો :-**

- પ્રદૂષણની લોકોના જીવન પર અસર
- ઉદ્યોગ ગૃહોની ગ્રામિણ સમાજ ઉપર અસર
- ઉદ્યોગોમાં કામ કરતા કામદારોની ગેરહાજરી સબંધી અભ્યાસ
- ઉદ્યોગીકરણની આરોગ્ય પર અસર
- ઉદ્યોગીકરણની આદિવાસી ખેડૂતોના કુટુંબ પર અસર
- ઈલેક્ટ્રિક વાહનો અને પર્યાવરણ
- ક્લાયમેન્ટ ચેન્જની યુવાનો પર અસર
- પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવાની વૈકલ્પિક પધ્ધતિઓ
- શહેરોમાં હરિયાળીનું મહત્ત્વ
- શહેરી વિકાસ અને તળાવો
- ગ્લોબલ વોર્મિંગનું પરિણામ અને તેના ઉકેલો

**(12) મનોવિજ્ઞાન વિષય સબંધી પ્રકલ્પો :-**

- સોશ્યલ મિડિયા અને માનસિક તાણ
- બાળકોના શૈક્ષણિક વિકાસ પર પરિવારના વાતાવરણનો પ્રભાવ
- નેતૃત્ત્વ અને વ્યક્તિગત વિકાસ
- અલગતાની લાગીઓની માનસિક સ્વાસ્થ્ય પર અસર
- પોઝિટીવ સાયકોલૉજીની જીવનમાં ઉપયોગિતા
- શારિરીક અને માનસિક તણાવ વચ્ચેનો સબંધ

- આત્મહત્યા એક સામાજિક સમસ્યા
- વિદ્યાર્થીઓમાં પરીક્ષા સબંધી તણાવ
- કારકિર્દી અને માનસિક તણાવ
- યુવાનોનુ માનસિક આરોગ્ય
- સગર્ભા સ્ત્રીઓની મનોસ્થિતિ

**(13) કાયદા સબંધી પ્રકલ્પો :-**

- ઘરેલું હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓની સ્થિતિ અને સમસ્યાઓ
- મહિલાઓ માટે સુરક્ષાની કાયદા સબંધી વ્યવસ્થા
- સાયબર ગુનાઓ અને તેનું નિયંત્રણ
- માનવ અધિકાર ઉલ્લંઘન-વિશ્લેષણ
- બાળકામ નિષેધ કાયદાનું અમલીકરણ
- બાળલગ્ન પ્રતિબંધક ધારાની અસરકારકતા
- સ્પેશ્યલ ઈકોનોમિક કોનમાં જમીન સંપાદન થયેલ ખેડૂતોની સ્થિતિ અને સમસ્યા

**(14) યુવા વિકાસ :-**

- યુવા સંગઠનોની સમાજ ઉપયોગી કામગીરી
- ગ્રામિણ યુવાનોના વિવિધ પ્રશ્નો
- શિક્ષિત બેરોજગાર યુવાનોની મનો સામાજિક સમસ્યાઓ
- લાયન્સ ક્લબની યુવા વિકાસ સબંધી પ્રવૃત્તિઓ એક અભ્યાસ
- ગ્રામિણ શિક્ષિત યુવાનોની મહત્ત્વકાંક્ષાઓ
- અંધ યુવાનોના પ્રશ્નોનો અભ્યાસ
- યુવાનોના વિકાસના પ્રશ્નોનો અભ્યાસ
- ગ્રામિણ યુવાનોમાં સોશ્યલ મિડિયાનો પ્રભાવ
- ગ્રામિણ યુવાનોની જીવન પધ્ધતિમાં નવી વિચારધારા અને પ્રશ્નો
- કૃત્રિમ બુદ્ધિ (Artificial intelligence)નું રોજિંદા જીવનમાં મહત્ત્વ
- કૃત્રિમ બુદ્ધિ અને યુવાનો
- યુવાનોની વિવિધ સમસ્યાઓ
- યુવાનો અને રોજગારી
- યુવાનોનું માનસિક આરોગ્ય
- યુવાવસ્થામાં થતા જાતિય ફેરફારો
- કારકિર્દી સંદર્ભે યુવાનોના વિચાર
- યુવાઓમાં પુસ્તક વાંચનની ઘટતી પ્રવૃત્તિ

**(15) યોજના સબંધી અભ્યાસ :-**

- ''મનરેગા'' યોજનાની લોકોના જીવન પર અસર
- ''મનરેગા'' યોજનાના પાંચ લાભાર્થીનો અભ્યાસ
- સંકલિત આદિજાતિ વિકાસ પ્રયોજનાથી થતા લાભો
- સંકલિત બાળવિકાસ યોજનાનો અભ્યાસ
- મધ્યાહન ભોજન યોજનાની અસરકારકતા
- માહિતી અધિકાર અધિનિયમ - 2005ની અસરકારકતા
- વનઅધિકાર અધિનિયમ - 2006ની આદિવાસી સમુદાય પર અસર

## 1.12 સંશોધનમાં પ્રકરણીયકરણ :

સંશોધનમાં નીચેના મુજબના પ્રકરણો બનાવી શકાય. જેમાં સંશોધક મળેલ માહિતીના આધારે પ્રકરણની સાઈઝ અને પ્રકરણોની સંખ્યામાં વધઘટ કરી શકે છે.

**પ્રકરણ - 01 વિષય પ્રવેશ અને સંશોધન પ્રક્રિયા :**

1.1 પ્રસ્તાવના

1.2 અભ્યાસના હેતુઓ

1.3 ઉપકલ્પના

1.4 અભ્યાસનું મહત્ત્વ

1.5 માહિતી એકત્ર કરવાની પધ્ધતિ

1.6 અભ્યાસનું વ્યાપવિશ્વ

1.7 નમૂના પસંદગી

1.8 અભ્યાસની મર્યાદા/ મુશ્કેલીઓ

**પ્રકરણ - 02 સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય :**

સંશોધકે જે વિષયમાં સંશોધનકાર્ય કર્યું છે તે વિષય અંગેની સૈદ્ધાંતિક સમજ સંશોધકે આ પ્રકરણમાં રજૂ કરવી.

**પ્રકરણ - 03 માહિતીનું વર્ગીદરણ અને વિશ્લેષણ અને અર્થઘટન :**

સંશોધન વિષયના સંદર્ભમાં સંશોધકે મળેલ માહિતીનું વર્ગીકરણ કરી તેના કોઠા તૈયાર કરી મળેલ માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ આ પ્રકરણમાં કરવું.

**પ્રકરણ - 04 તારણો, નિષ્કર્ષ અને સૂચનો :**

આ પ્રકરણમાં તારણો અને નિષ્કર્ષ રજૂ કરવો. અહીં સંશોધનમાં નિષ્કર્ષ ન નીકળે તો મળેલ માહિતીનો સાર રજૂ કરવો.

આ ઉપરાંત, અંતમાં કેટલીક મહત્ત્વની બાબતોને પૂરક માહિતી તરીકે પરિશિષ્ટમાં મૂકી શકાય.

❖ **પરિશિષ્ટ :-**

(1) પ્રશ્નાવલિ (અનુસૂચિ)નો નમૂનો

(2) મુલાકાતી (ઉત્તરદાતા)ની યાદી

(3) ગામ, તાલુકા, જિલ્લાના નકશા

(4) પત્રકના નમૂના વગેરે મૂકી શકાય.

## 1.13 સંશોધનમાં અહેવાલલેખન :

સંશોધનની કામગીરીમાં અહેવાલ લેખન એ ખૂબજ મહત્ત્વની અને પાયાની બાબત છે. સંશોધનમાં શબ્દો ખૂબ અગત્યના છે. તે દૃષ્ટિએ નાનામાં નાની બાબતો અંગે પૂરતું ધ્યાન રાખવું જરૂરી છે. સંશોધનની પ્રક્રિયા દરમિયાન સંશોધન પોતાના અભ્યાસના વ્યાપવિશ્વ માંથી વેર-વિખેર માહિતીને એકત્ર કરે છે. આ તમામ માહિતીને યોગ્ય રીતે રજૂ કરવી જરૂરી છે.

સંશોધક જ્યારે માહિતી એકત્ર કરવા માટે ફિલ્ડમાં જાય છે, પોતાના ઉતરદાતાને મળે છે ત્યારે મળેલ માહિતીની યોગ્ય નોંધ કરવી જરૂરી છે. આ નોંધને આધારે સંશોધકે અહેવાલ લેખન કરવું જોઈએ. સંશોધન ક્ષેત્રમાંથી માહિતી મેળવવાની પ્રક્રિયા દરમિયાન સંશોધકનું કેટલાક મુદ્દાઓમાં લખે છે ત્યારે અહેવાલ લેખનમાં નિરીક્ષણ સહિત તમામ વિગતોની યોગ્ય રીતે રજૂઆત થાય તે જરૂરી છે.

હા, અહેવાલ લેખન કરતી વખતે સંશોધકની ભાષા પણ સાદી અને સરળ હોવી જોઈએ. અઘરી અને અટપટી બાબતો યોગ્ય રીતે રજૂ થાય તે જરૂરી છે. સંશોધનમાં સંશોધકે યોગ્ય રીતે પ્રકરણીકરણ કર્યું હોય છે. દરેક પ્રકરણ પ્રમાણે મુદ્દા આધારિત વિગતોનો ઉલ્લેખ થાય તે જરૂરી છે.

## 1.14 સંશોધન તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

**(1) મુખ્ય પાનું :-** આ પાના ઉપર સંશોધનનું મથાળું, સંસ્થા / યુનિવર્સિટીનું નામ, વિદ્યાર્થી કાર્યકરનું નામ, માર્ગદર્શકનું નામ, અભ્યાસનું વર્ષ, વગેરેનો ઉલ્લેખ કરવો. (પરિશિષ્ટ - 01માં નમૂનો આપેલ છે.)

**(2) અનુક્રમણિકા :-** સંશોધનના દરેક પાના ઉપર નંબર આપી ક્યા પાના ઉપર કઈ વિગતોનો સમાવેસ કરેલ છે. જેમાં પ્રકણ, ફોટા, નકશાઓ, કોઠા, પ્રશ્નાવલિ, અને સંદર્ભ ગ્રંથનો ઉલ્લેખ કરવો જરૂરી છે. જેથી વાચકને ખ્યાલ આવી શકે કે ક્યા પાના ઉપર કઈ વિગતો મૂકેલ છે.

**(3) પ્રસ્તાવના :-** પ્રસ્તાવના એ સંશોધન પ્રક્રિયાનો ખૂબ મહત્ત્વનો ભાગ છે. સંશોધકે સંશોધનના વિષયને અનુરૂપ બાબતો પ્રસ્તાવનામાં રજૂ કરવી જરૂરી છે. જેતી વાચકને વિષય પ્રવેશના સંદર્ભમાં વધુ ખ્યાલ આવી શકે.

**(4) સંશોધનના માળખા સબંધી કેટલીક અગત્યની બાબતો :-**

4.1 સંશોધનની પ્રિન્ટ અને ઝેરોક્ષ માટે સારી ગુણવત્તા વાળો કાગળ વાપરવો.

4.2 બધી જ નકલોનું લખાણ A-04 સાઈઝના સફેદ કાગળની બંને બાજુ 1.5 સ્પેશમાં ટાઈપ કરેલું હોવું જોઈએ.

4.3 સંશોધન અહેવાલ ગુજરાતી, હિંદી લખાણ માટે ફોન્ટ (શ્રુતિ, મંગલ) અન અંગ્રેજી લખાણ માટે ન્યુ રોમન ફોન્ટનો ઉપયોગ કરવો. જેમાં મથાળા/ મુદ્દાઓમાં ફોન્ટ સાઈઝનું માપ દર્શાવ્યું છે તે મુજબ રાખવું.

**(1) પ્રકરણ શીર્ષક :** 14 પોઈન્ટ બોલ્ડ

**(2) શીર્ષક/ પેટા શીર્ષક :** 12 પોઈન્ટ બોલ્ડ

**(3) પાદદીય :** 09 પોઈન્ટ

**(4) સંદર્ભસૂચિ :** 12 પોઈન્ટ

4.4 બાંધણી તરફ 1.5 ઈંચ જ્યારે, અન્યત્ર 01 ઈંચનું માર્જિન છોડવાનું રહેશે.

4.5 પાનનંબર, હેડર તથા ફુટરને માર્જિનની અંદર મૂકી શકાશે.

4.6 દરેક પાના પર પાના નંબર આપવો. પ્રકરણ, આકૃતિ, આલેખ, નકશા વગેરેને સળંગ પૃષ્ઠ ક્રમાંક આપવાનો રહેશે.

4.7 જ્યારે, કોઈ આકૃતિ, નકશા કે લખાણને આડું મૂકવાનું થાય ત્યારે તેને આધારે (Bottam) બાંધણીની સામેની ધાર રહે તે રીતે તેને ગોઠવવાનું રહેશે.

4.8 સંશોધનનું ટાઈટલ પેઈજ આ સાથે પરિશિષ્ટ-01 ઉપર દર્શાવિલ નમૂના મુજબ તૈયાર કરવાનું રહેશે.

4.9 સંશોધનના વિભિન્ન વિભાગોનો ક્રમ આ પ્રમાણે રહેશે.

(1) આવરણ પૃષ્ઠ (પાકું)

(2) કોરુ પૃષ્ઠ

(3) સંશોધનની ભાષામાં શીર્ષક પૃષ્ઠ

(4) વિદ્યાર્થી - માર્ગદર્શકનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-02 અને 03માં આપેલ નમૂના મુજબ તૈયાર કરવું.

(5) પ્રસ્તાવના / આભાર

(6) અનુક્રમણિકા (પૃષ્ઠ ક્રમાંક સહિત)

(7) સારણી સૂચિ (પૃષ્ઠ ક્રમાંક સહિત)

(8) આકૃતિ / આલેખ / નકશા / સંક્ષેપ સૂચિ (પૃષ્ઠ ક્રમાંક સહિત)

(9) પ્રકરણો

(10) સંદર્ભ સૂચિ (References)

(11) પરિશિષ્ટ

(12) પારિભાષિક શબ્દ સૂચિ

(13) કોરું પૃષ્ઠ

4.10 સંશોધનની નિર્ધારીત કરેલ પાનાની સંખ્યા જાળવવી.

4.11 સંશોધનની 03 (ત્રણ) નકલ તૈયાર કરવાની રહેશે. જેની બે કોપી તમારા સેન્ટરને સુપરત કરવાની રહેશે. જે પૈકી એક લાઈબ્રેરી માટે અને એક બાહ્ય પરિક્ષણ માટે મોકલવામાં આવશે અને એક કોપી વિદ્યાર્થી કાર્યકર માટે રહેશે.

## 1.15 સંશોધન પ્રોજેક્ટ માટે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ :

**(1) શિર્ષક (Title) :-** સંશોધન માટે યોગ્ય ટાઈટલ (શિર્ષક) જરૂરી છે. સંશોધનનો વિષય અને તેનો હેતુ સ્પષ્ટ થાય તેવું સંક્ષિપ્ત શિર્ષક હોવું જોઈએ.

દા.ત. (1) ગરીબી રેખા હેઠળ જીવતા 10 પરિવારોનો અભ્યાસ

(2) ગ્રામપંચાયતની જુદી જુદી સમિતિઓની કામગીરી એક અભ્યાસ

**(2) પ્રસ્તાવના (Introduction) :-**

- ➢ સંશોધન વિષય અને તેની પૃષ્ઠભૂમિ
- ➢ સમસ્યા શું છે ? અને શા માટે તે મહત્ત્વપૂર્ણ છે તે અંગેની સ્પષ્ટતા.
- ➢ વિષયનું મહત્ત્વ/ ઉપયોગિતા અને સંશોધનના મુખ્ય હેતુ/ ઉદ્દેશોની રજૂઆત થાય તે જરૂરી છે.

**(3) સંશોધન સમસ્યા (Research Problem) :-**

- ➢ સમસ્યા શું છે ? તેની ઓળખ મહત્ત્વની છે.
- ➢ પ્રશ્ન અથવા સમસ્યા જેનાથી સંશોધન પ્રેરિત થાય છે.
- ➢ ઉદાહરણ : આધુનિક રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાની જમીન પર થતી વિવિધ અસરને સમજવી.

**(4) સંશોધન હેતું (Objectives) :-**

- ➢ હેતુ વગર સંશોધન શક્ય નથી.
- ➢ સંશોધનના મુખ્ય હેતુઓ ક્યા છે તે જાણવું જરૂરી છે.
- ➢ શું શોધવું છે ?
- ➢ શું પૃષ્ટ કરવી છે ? અથવા ઉકેલવું છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે.

**(5) ઉપકલ્પના / સંશોધન પ્રશ્નો (Hypothesis) :-**

- ➢ સંશોધનમાં ઉપકલ્પના જરૂરી છે.
- ➢ ઉપકલ્પનાએ કામચલાઉ ખ્યાલ છે.
- ➢ ઉપકલ્પના એટલે જેની સત્યતા ચકાસવાની બાકી છે તેવું વિધાન.
- ➢ તમે જે વિષય ઉપર કામ કરવા માંગો છો તે વિષયના સંદર્ભે ઉપકલ્પના રચવી જરૂરી છે.
- ➢ ઉપકલ્પના સંશોધકને વિષયના સંદર્ભમાં ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવા પ્રેરિત કરે છે.

**(6) સાહિત્ય સમીક્ષા (Literalture Review) :-**

- અગાઉના સંશોધન, પુસ્તકો અને અન્ય તથ્યોના સંક્ષિપ્ત અધ્યયન કરવા જરૂરી છે.
- અગાઉ શું કામ થયું છે તેનો ફાળો અને વર્તમાન સંશોધન સાથેનો સબંધ સ્પષ્ટ થાય તે જરૂરી છે.
- સાહિત્ય સમિક્ષાથી સંશોધન સબંધી વિચારધારા વધું સ્પષ્ટ થાય છે.
- અગાઉના સંશોધકોએ શું કામગીરી કરેલ છે ? તેની પધ્ધતિ, અને સંશોધન સબંધી અન્ય બાબતો અંગેની જાણકારી વધારે સ્પષ્ટ થાય છે.

**(7) સંશોધન પધ્ધતિશાસ્ત્ર (Methodology) :-**

- સંશોધન કરવા માટે સંશોધન પધ્ધતિ વિશેની જાણકારી મહત્ત્વની બની રહે છે.
- માહિતી એકત્ર કરવા અને મળેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે સંશોધન પધ્ધતિ અંગેનું જ્ઞાન અને તેનો ઉપયોગ ખૂબ જરૂરી બની રહે છે.
- સંશોધન પધ્ધતિ થકી સંશોધકની વૈજ્ઞાનિક દૃષ્ટિ ખીલવી શકાય છે.
- માહિતી મેળવવા કઈ પધ્ધતિનો ઉપયોગકર્યો તે મહત્ત્વની કામગીરી છે.

**(8) ડેટા વિશ્લેષણ (Data Analysis) :-**

- મળેલ માહિતીનું વિશ્લેષણ જરૂરી છે.
- સંસોધન માટે એકત્ર કરેલ ડેટાનું વિશ્લેષણ કરવા માટેની પધ્ધતિઓ.
- આંકડા ટેબલ ગ્રાફ્સ : અથવા અન્ય પધ્ધતિઓનો ઉપયોગ જરૂરી છે.

**(9) અપેક્ષિત પરિણામો (Expected Results) :-**

- સંશોધનના તારણો / પરિણામો ખૂબ મહત્ત્વના છે.
- આ પરિણામો સમસ્યાઓનો ઉકેલ કે સુધાર આવે તે રીતે દર્શાવવું.

**(10) મર્યાદાઓ (Limitations) :-**

- સંશોધનની મર્યાદાઓ કઈ હતી ? તેનો ઉલ્લેખ જરૂરી છે.
- દા.ત. સમયની મર્યાદા, નમૂનાો પ્રકાર અથવા માહિતીની ઉપલબ્ધતા શું છે ? તેનો ઉલ્લેખ જરૂરી છે
- અભ્યાસના ભાગરૂપ સંશોધનકાર્યમાં સામાન્ય રીતે સમયની મર્યાદા નડતી હોય છે.

**(11) સમય રેખા (Time line) :-**

- યોગ્ય સમય મર્યાદામાં કામ થાય તે જરૂરી છે.
- સંશોધન કાર્યની શરૂઆતમાં Timeline નક્કી કરવામાં આવે છે.
- પ્રોજેક્ટ માટેના જુદા જુદા તબક્કાઓ માટેનો સમયગાળો
- દા.ત. સાહિત્ય સમીક્ષાની કામગીરી - 02 મહિના
- ડેટા કલેક્શન - 03 મહિના વગેરે.

**(12) નાણાંકીય બજેટ (Budget) :-**

- ➢ સંશોધન માટે જરૂરી ખર્ચ અને ક્યા સંસાધનોની જરૂર પડશે તે મહત્ત્વની બાબત છે.
- ➢ ખર્ચનો અંદાજ દા.ત. - ફિલ્ડવર્ક - 2000/- રૂા.
  - પ્રશ્નાવલિ - 1500/- રૂા.
  - છાપકામ - 2000/- રૂા.
  - બાઈન્ડીંગ - 1200/- રૂા. આમ, દરેક હેડ પ્રમાણે બજેટ બનાવવું જરૂરી છે.

**(13) તારણ (Conclusion) :-**

- ➢ સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલી મુખ્ય બાબતોનો સારાંશ
- ➢ સંશોધનના મહત્ત્વના તારણો શું છે ? તે અંગેની રજૂઆત
- ➢ સંશોધનના મહત્ત્વના તારણો અને ભવિષ્ય માટેની મહત્ત્વની ભલામણો શું છે ? તે અંગેની રજૂઆત થવી જરૂરી છે.

**(14) સંશોધનનો ઉપયોગ (Utility of Research) :-**

- ➢ સંશોધનના પરિણામો ક્યાં અને કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે જણાવવું જરૂરી છે.
- ➢ ઉદાહરણ તરીકે - શિક્ષણ ક્ષેત્ર, કૃષિમાં યોગ્ય નીતિ, ટેકનોલૉજીના વિકાસમાં મદદ રૂપ. આ તમામ જાણકારી જરૂરી છે.

**(15) સંદર્ભો (References) :-**

- ➢ સંશોધન દરમ્યાન ઉપયોગમાં આવેલા પુસ્તકો, લેખો અને અન્ય સ્રોતોની યાદી તૈયાર કરવી.
- ➢ APA, MLA કે અન્ય ફોર્મેટ મુજબ લખવું.
- ➢ આ માળખા મુજબ પ્રોજેક્ટ તૈયાર કરવાથી તે સ્પષ્ટ અને વ્યવસ્થિત બને છે.

## 1.16 સંદર્ભ ગ્રંથોની યાદી :


(1) સમાજશાસ્ત્રની સંશોધન પધ્ધતિઓ અને આંકડા શાસ્ત્રીય વિશ્લેષણ (સંશોધન પધ્ધતિઓ) **પ્રો. એ.જી.શાહ અને પ્રો.જે.કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.**

(2) સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર **ડૉ.ડી.એ. ઉચાટ**

(3) સંશોધન, ડૉ. વિપિન મકવાણા **ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

(4) સામાજિક સંશોધન : નિદર્શન (Samping) અને સર્વેક્ષણ (Survey) **ગૌરાંગ જાની, માતૃ-ભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.**

(5) સંશોધન હાથપોથી **ડૉ.આર.એસ. પટેલ**

(6) ફિલ્ડ ઑફ સોશ્યલ વર્ક **ડૉ.નેહલ ત્રિવેદી**

(7) સંશોધન દરખાસ્ત **ડૉ. જગદીપ સોનવણે, ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, મહારાજ કૃષ્ણ કુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી**

(8) સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર **ડૉ.આર.એસ. પટેલ**

(9) સમાજકાર્યના વિદ્યાર્થીઓ દ્વારા થયેલા સંશોધન નિબંધોની યાદી **(વર્ષ-૧૯૭૨ થી ૨૦૧૫, સમાજકાર્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)**

## પરિશિષ્ટ-1

### ટાઈટલ પેઝ માટેનો નમુનો

વાલવોડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.નો અભ્યાસ. (આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વાલવોડ ગામને ધ્યાનમાં રાખીને)

બેચરલ ઑફ સોશ્યલવર્ક / માસ્ટર ઑફ સોશ્યલવર્કની પદવી માટે અભ્યાસક્રમના ભાગરૂપે રજૂ કરવામાં આવેલ સંશોધન.

| | |
|---|---|
| માર્ગદર્શક | સંશોધનકર્તા |
| - માર્ગદર્શકશ્રીનું નામ | (વિદ્યાર્થીનું નામ) |

સિમ્બોલ યુનિ

આપના અભ્યાસ કેન્દ્રનું નામ અને જિલ્લો,
ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
અમદાવાદ, ગુજરાત
વર્ષ-2024-25

## પરિશિષ્ટ-2

### બાંહેધરી પત્રક

આથી હું બાંહેધરી આપું છું કે આ સંશોધનની સમગ્ર કામગીરી બી.એસ. ડબલ્યું / એમ.એસ. ડબલ્યું વિષયમાં સ્નાતક / અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરવાના ભાગરૂપે નીચે સહી કરનાર....................................ના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ રજૂ કરવામાં આવેલ છે. આ સંશોધનકાર્યનો કોઈપણ હિસ્સો બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવેલ નથી.

| | |
|---|---|
| સ્થળ :-................. | વિદ્યાર્થીની સહી.......... |
| તારીખ :-............... | વિદ્યાર્થીનું નામ........... |

માર્ગદર્શકની સહી :..........................

માર્ગદર્શકનું નામ :...........................

સરનામું....................................

## પરિશિષ્ટ-3

### પ્રમાણપત્ર

આથી હું.................................પ્રમાણપત્ર આપું છું કે મારા સીધા માર્ગદર્શન હેઠળ ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં..................ની પદવી મેળવવાના ભાગરૂપે સુ.શ્રી/શ્રી.......................................... દ્વારા........................ વિદ્યાશાખા........................ વિષયમાં રજૂ કરવામાં આવેલ સંશોધન કે જેનું શીર્ષક............................... છે.

આ વિશ્વસનીય અને પધ્ધતિસરનું શોધકાર્ય છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અથવા અન્ય વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી)માં આ સંશોધનનો કોઈપણ ભાગ બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યો નથી.

સ્થળ :-................. માર્ગદર્શકની સહી................

તારીખ :-............... માર્ગદર્શકનું નામ.................

સરનામું :.........................

## પરિશિષ્ટ-4

### ગામ મુલાકાત સર્વે ફોર્મ

(1) ગામનું નામ.............. તાલુકો.................. જિલ્લો..................

(2) ગામના સરપંચશ્રીનું નામ :..................................................

(3) ગામના તલાટીશ્રીનું નામ :..................................................

(4) ગામની કુલ વસ્તી :.....................................................

(5) ગામનું નામ કેમ પડ્યું :..................................................

(6) તમારા ગામનો ઈતિહાસ..............................................

(7) ગામમાં આવેલ ઐતિહાસિક સ્થળોના નામ :

- (1) જળાશય
- (2) કૂવો
- (3) હવાળો
- (4) જુના કોતરણી વાળા મકાનો

(8) ગામમાં શિક્ષણની સુવિધા ક્યાં સુધી છે ?

(9) ગામમાં આવેલી પ્રાથમિક સુવિધાઓ

- (1) આરોગ્ય
- (2) શાળા : પ્રાથમિક શાળા.................. માધ્યમિક શાળા................ કોલેજ.......................
- (3) શૌચાલય : જાજરૂ.................... પેશાબ ઘર......................
- (4) સ્મશાન................. સ્મશાન બધા માટે એક છે કે જુદા જુદા.............

(10) ગામમાં આવકના સાધનો :

- ખેતી :
- પશુપાલન :
- નોકરી........... સરકારી...........ખાનગી.........છૂટક મજૂરી........
- ધંધા / રોજગાર :
- અન્ય :

(11) ગામમાં ઉજવાતા તહેવારો

(12) ગામની અન્ય વિશેષતાઓ

(13) ગામની જુદી જુદી સમસ્યાઓનો ટૂંકાણમાં પરિચય

(14) માહિતી આપનારનું નામ :..................................................

(15) ગામની મુલાકાત લીધા તારીખ/ વાર..........................................

## પરિશિષ્ટ-4.1

## ગણેશ મહોત્સવ સર્વેફોર્મ

(1) મંડળનું નામ :...........................................................

(2) મંડળનું સરનામું :.......................................................

(3) મંડળના વડાનું નામ :...................................................

(4) મંડળના વડાનો સંપર્ક નંબર :.............................................

(5) મંડળની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી ? ..........................................

(6) ગણેશ મહોત્સવ ક્યા વર્ષે શરૂ કરેલ છે ? ..........................................

(7) આ મહોત્સવમાં અંદાજિત કેટલા લોકો જોડાય છે ?................................

(8) તમે આ પ્રસંગે કઈ મૂર્તિ વાપરો છો ? ..............................................

પ્લાસ્ટ ઑફ પેરીસ, માટીની / અન્ય :..............................................

(9) મૂર્તિની અંદાજિત સાઈઝ ...................... ફૂટ.............................

(10) તમે મૂર્તિ ક્યાંથી ખરીદો છો ?.................................................

સરનામું :........................... સંપર્ક નંબર :.............................

(11) તમે વિસર્જન ક્યાં કરવા જાઓ છો ?............................................

(12) તમે ગણપતિ વિસર્જન કેટલા દિવસે કરો છો ? .....................................

(13) આ પ્રસંગે અંદાજિત કેટલું ખર્ચ થાય છે ?.........................................

(14) આ ખર્ચ કઈ રીતે એકત્ર કરો છો ?...............................................

(15) ગણેશજીની માટીની મૂર્તિ અંગે અભિપ્રાય.........................................

સર્વે કરનારનું નામ :.......................................................

તારીખ : ...................................................................

## પરિશિષ્ટ-4.2

## વ્યસન અંગેનું સર્વે ફોર્મ

(1) વિદ્યાર્થીનું નામ :.......................................................

(2) શાળાનું નામ :.......................................................

(3) ધોરણ :.......................... રોલ નંબર..............................

(4) તમને તમાકુના વ્યસન અંગેની માહિતી છે ? હા........... ના...........

(5) તમે પોતે તમાકુનું વ્યસન કરો છો ? હા........... ના...........

જો 'હા' તો ક્યા પ્રકારનું વ્યસન કરો છો ?

(6) તમારા ઘરમાં કોઈ તમાકુંનું વ્યસન કરે છે ? હા........... ના...........

(7) તમારા ઘરમાં કોઈ તમાકુંનું વ્યસન કરે છે ? હા........... ના...........

જો 'હા' તો ક્યા પ્રકારનું વ્યસન કરે છે ?

(8) તમાકુના વ્યસન અંગે તમારી શાળામાં કોઈ કાર્યક્રમ કરવામાં આવે છે ? હા.....ના.....

''હા'' તો શું કાર્યક્રમ કરવામાં આવે છે ?

(9) તમારી શાળામાં વ્યસનને લગતું કોઈ પોસ્ટર લગાવેલ છે ? હા / ના ......

(10) તમાકુંના વ્યસનથી થતી શારિરીક તકલીફ વિશે તમને જાણકારી છે ? હા...... ના......

(11) વ્યસનના કેટલા સ્વરૂપો છે ?...................... ક્યા ક્યા....................

(12) તમાકુ કે ગુટકાનું વ્યસન કરવાથી ક્યા પ્રકારના કેન્સર થાય છે તે તમે જાણો છો ? હા / ના
જો 'હા' તો ક્યા પ્રકારનું કેન્સર થાય છે ?

(13) ઘરમાં કોઈ વ્યસન કરતું હોય તો કેટલો ખર્ચ થાય છે ?.............................

(14) તમારી શાળાની આજુબાજુમાં તમાકુનું વેચાણ થાય છે ? હા............ના............

(15) તમને કેન્સર માટે ક્યા કારણો જવાબદાર છે ? તે તમે જાણો છો ? હા........ના.......

વર્ણન કરો.......................................................

(16) શું કેન્સર વારસાગત બિમારી છે ? હા..................... ના....................

(17) કેન્સર ચેપી રોગ છે ? હા...........................ના........................

(18) કેન્સર રોગ મટી શકે છે ? હા..........................ના..................

(19) તમાકુમાં ક્યું સૌથી ઝેરી તત્ત્વ રહેલું છે ?

નિકોટિન..................ટાર.................... મીથેલોન..................

(20) તમાકુ નિયંત્રણ કાયદો ક્યારે અમલમાં આવ્યો હતો ?............. વર્ષ............

(21) અન્ય વિગતો :.......................................................

1.......................................................

2.......................................................

3........................................................

4........................................................

સર્વે કરનારનું નામ :.......................................................

તારીખ :.......................................................

**પરિશિષ્ટ-05**

**પરવાનગી માટેના પત્રનો નમૂનો** તા :.............

પ્રતિ
વ્યવસ્થાપકશ્રી,
...............
...............
...............

**વિષય : સંશોધન અભ્યાસ માટે પરવાનગી આપવા બાબત.**

માનનીય શ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાને આપ જાણો છો તેમ, ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે વિવિધ અભ્યાસક્રમોની સાતે સ્નાતક અને અનુસ્નાતક લેવલે સમાજકાર્ય પારંગત (માસ્ટર ઑફ સોશ્યલ વર્ક - MSW)નો અભ્યાસ ક્રમ ચાલે છે. જેમાં બેચલર ઑફ સોશ્યલવર્ક (BSW - Sem-06)ના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગરૂપે સંશોધનની કામગીરી હાથ ધરવાની હોય છે.

આ સંદર્ભે અમારાં વિદ્યાર્થીએ................................ ..................................................................વિષય ઉપર સંશોધન હાથ ધરવા માંગે છે.

અભ્યાસ અર્થે આ વિષય ઉપર કામગીરી કરવા માટે જરૂરી માહિતી, માર્ગદર્શન અને પરવાનગી આપવા વિનંતિ.

સંશોધકે અભ્યાસ માટે મેળવેલ માહિતી ગોપનીય (ગુપ્ત) રહેશે, તેની અમે બાંહેધરી આપીએ છીએ.

સહકારની અપેક્ષા સહ,

આભાર,

કેન્દ્ર ઈન્ચાર્જનું નામ અને

સહી

.............................

*****************